1. ‘‘વર્તમાન સમયમાં ભૂગોળ ખૂબ જ ઉપયોગી વિષય છે.’’ આ વિધાન સમજાવો.

- વ્યક્તિ નિર્માણ માટે અથવા માનવીના સશક્તીકરણ માટે ભૂગોળનો અભ્યાસ અનિવાર્ય છે. ખેતી, વ્યાપાર, પરિવહન, ઉધોગોની સ્થાપના અને તેના વિકાસ માટે ભૂગોળ પાયાનું જ્ઞાન પૂરું પાડે છે. વ્યક્તિમાં આંતરરાષ્ટ્રીય સમજ વિકસે, વિશ્વબંધુત્વની ભાવના કેળવાય, રાષ્ટ્ર માટે પ્રેમ કેળવાય, રાષ્ટ્રીય ગુણો વિકસે વગેરે મૂલ્યોના સંવર્ધન માટે ભૂગોળ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- વ્યાપાર, સંરક્ષણ, પ્રવાસ, ઉદ્યોગ, ખેતી અને પશુપાલન માટે ભૂગોળનું જ્ઞાન એ એક વ્યાવહારિક જરૂરિયાત છે. વિશ્વના દેશોદેશો વચ્ચેના આંતરઅવલંબનની સમજ ભૂગોળ આપે છે. કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, ભૂમિપાત, વાવાઝોડું, પૂર તથા દુષ્કાળમાં પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન અંગેનું જરૂરી માર્ગદર્શન ભૂગોળ આપે છે. વૈશ્વિક સમસ્યાઓ જેવી કે ઊર્જા, જળસંરક્ષણ, પ્રદૂષણ, વસ્તીવધારો, ઘટતાં જંગલો, ગરીબી, આતંકવાદ વગેરેનો ઉકેલ ભૂગોળ વિષય સૂચવે છે.
- વ્યક્તિમાં સુક્ષ્મ અવલોકન કરવાની, તારણો કાઢવાની, નિર્ણયો કરવાની અને યોગ્ય અભિપ્રાયો બાંધવા વગેરે માનસિક શક્તિઓનો વિકાસ ભૂગોળ દ્વારા સરળ બને છે. ભૂગોળ નાગરિકને વિશ્વનાગરિક બનાવી શકે છે. ભૂગોળના અભ્યાસથી પ્રવાસ, પ્રદર્શન અને વાતલિાપો સમજી શકીએ છીએ તેમજ પત્રમૈત્રી બાંધવાની સૂઝ કેળવાય છે. નકશાવાચન, નકશાપૂરણી, વરસાદનું માપન, તાપમાનનું માપન ભૂકંપની તીવ્રતાનું માપન અને હવાના દબાણનું માપન કરવાની ક્ષમતાઓ વિકસાવવામાં ભૂગોળ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભૌગોલિક ઘટનાઓ વડે કાર્યકારણસંબંધ કેળવવાની માનસિક ક્ષમતા કેળવાય છે.
- મૃદાવરણ, વાતાવરણ, જલાવરણ અને જીવાવરણ સંબંધિત વિશેષતાઓ અને વિવિધતાઓની જાણકારી ભૂગોળ આપે છે, જેથી વ્યક્તિની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે. આપણા ભવ્ય અને ગૌરવપૂર્ણ અતિતને જાણવા તેમજ સાંસ્કૃતિક વારસાને સમજવા માટે ભૂગોળનું જ્ઞાન અતિ આવશ્યક છે. સમગ્ર વિશ્વ એક પરિવાર છે’ તેવી ભાવના ભૂગોળ વડે જ ચરિતાર્થ થઈ શકે છે. તેથી પ્રવર્તમાન સમયમાં ભૂગોળ વિષયનું જ્ઞાન આવશ્યક બન્યું છે.

2.ભુગોળનો અર્થ સમજાવી તેના વિષયવસ્તુની ચર્ચા કરો.

- ભુગોળનો શાબ્દિક અર્થ ’પૃથ્વીનું વર્ણન’ એવો થાય છે. પૃથ્વી સપાટીનું પદ્ધતિસર વર્ણન કરતું વિજ્ઞાન એટલે ભૂગોળ. ભૂગોળ માટે “Geogrphy” શબ્દ સૌપ્રથમ ઈ. સ. પૂર્વેની બીજી સદી માં ભૂગોળવિદ ઈરેટોસ્થિનિસે પ્રયોજ્યો હતો. લેટિન ભાષામાં G E O (જિઓ) શબ્દનો અર્થ ‘પૃથ્વી’ અને Graphia (ગ્રાફિયા) શબ્દ નો અર્થ ’વર્ણન કરવું’ થાય છે, તેથી ’ભૂગોળ’ એટલે પૃથ્વી નું વર્ણન કરનાર વિજ્ઞાન.
- કેટલાક ભૂગોળવિદો ભૂગોળના સમગ્ર વિષયવસ્તુને આ ત્રણ ટૂંકા પ્રશ્નો કે સાત શબ્દોમાં વર્ણવે છે : ‘શું છે?’ (What is ?') ક્યા છે?, (Where Is ?) શા માટે ? (Why It Is?) ભૂગોળનું કાર્યક્ષેત્ર પૃથ્વી જેટલું વિશાળ હોવા છતાં તેમાં મુખ્યત્વે બે પરિબળોનો અભ્યાસ થાય છે : પ્રાકૃતિક પરિબળો કે તત્વો સાંસ્કૃતિક તત્ત્વો, આ બંને પરિબળોને માનવના સંદર્ભે તપાસવામાં આવે છે.

- ભૂગોળમાં મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ, જીવાવરણ અને નૃવંશાવરણનો સમાવેશ થાય છે. તેથી કહી શકાય કે આ પાંચ આવરણનો અભ્યાસ કરતું વિજ્ઞાન એટલે ભૂગોળ, ભૂગોળ એક વિકસતું વિજ્ઞાન હોવાથી તેના અભ્યાસક્ષેત્રમાં અનેક નવી નવી વિગતો અને બાબતોને ઉમેરો થતો જાય છે. કાલરિટર નામના જર્મન ભૂગોળવિદે કહ્યું છે કે ભૂગોળનો અભ્યાસ પૃથ્વીસપાટીએથી શરૂ થાય છે, પરંતુ માનવજાત પાસે જેમ જેમ નિરીક્ષણ અને સંશોધનનાં સાધનો વિકસતાં જશે તેમ તેમ ભૂગોળનું કાર્યક્ષેત્ર પૃથ્વી સપાટીએથી વધુ ને વધુ ઊંચે અને વધુ ને વધુ ઊંડે સુધી વિસ્તરશે.

### 3.ભૂગોળનો અન્ય વિષયો સાથેનો અનુબંધ સ્પષ્ટ કરો.

- ભૂગોળ યથાર્થતાને સમગ્રતાના સ્વરૂપમાં સમજાવવાનો પ્રયત્ન કરે છે. વિજ્ઞાન સાથે જોડાયેલા બધા જ વિષયો પણ ભૂગોળ સાથે અનુબંધ ધરાવે છે. એક સંશ્લેષણાત્મક વિષયના રૂપમાં ભૂગોળ અનેક પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જેમ કે,
- પૃથ્વીની ધરીભ્રમણ ગતિ અને કક્ષાભ્રમણ ગતિ, રખન્નાંશરેખાંશ, પ્રમાણસમય, વરસાદ, તાપમાનના આલેખો વગેરે ભૌગોલિક બાબતો સમજવામાં ગણિત વિષય મદદ કરે છે. ગ્રહણો, ગ્રહણનો સમય, પૂર, ભૂકંપ તથા અન્ય કુદરતી આફતો ની આગાહી કરવા ભૂગોળ ગણિત અને વિજ્ઞાનની મદદ લે છે. રાષ્ટ્ર કે વિદેશના ઇતિહાસની મહત્ત્વની ઘટનાઓનું હાર્દ પામવા ભૂગોળના જ્ઞાનની જરૂર પડે છે.
- ભૌતિક ભૂગોળની બધી વિદ્યાશાખાઓ પ્રાકૃતિક વિજ્ઞાન સાથે સહસંબંધ ધરાવે છે. ભૂસ્તર વિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, જીવવિજ્ઞાન વગેરે વિજ્ઞાનો સાથે ભૂગોળને ખૂબ જ ગાઢ સંબંધ છે. સામાજિક વિજ્ઞાનના બધા વિષયો દર્શનશાસ્ત્ર, ઇતિહાસ, નાગરિક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર , સમાજ શાસ્ત્ર અને વંશશાસ્ત્ર સાથે ભૂગોળને પ્રત્યક્ષ સંબંધ છે.
- રાજકીય ભૂગોળ, ઐતિહાસિક ભૂગોળ , આર્થિક ભૂગોળ, વસ્તી  વિષયક ભૂગોળ, સામાજિક ભૂગોળ વગેરે ભૂગોળની શાખાઓ સામાજિક વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. પરિવહન, વ્યાપાર, દૂરસંચાર સેવાઓ, ઉદ્યોગો અને ખેતી વગેરે માનવીની આર્થિક પ્રવૃત્તિઓનો ભૂગોળ અભ્યાસ કરે છે. આમ, ભૂગોળ અર્થશાસ્ત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. નકશાવાચન, નકશાપૂરણી તેમજ અક્ષાંશવૃત્તોરેખાંશવૃત્તોની ગણતરી માટે ભૂગોળ ભૂમિતિનો આધાર લે છે.
- તત્ત્વજ્ઞાન ભૂગોળના ક્રમિક વિકાસ માટે સ્પષ્ટ ઐતિહાસિક ભૂમિકા ભજવે છે. સમયના સંશ્લેષણ માટે ભૂગોળ ઇતિહાસની મદદ લે છે. રાજ્યવ્યવસ્થાનો, રાજ્યવિસ્તાર, વસ્તી, ભિન્ન ભિન્ન સામાજિક સંગઠનો વગેરેના વિશ્લેષણ માટે ભૂગોળ રાજનીતિવિજ્ઞાન (Political Science) પાસેથી આધાર મેળવે છે. વ્યક્તિમાં આંતરરાષ્ટ્રીય સમજ વિકસે, વિશ્વબંધુત્વ અને વૈશ્વિક સંગઠનો પ્રત્યેની ફરજો વિકસે તે માટે ભૂગોળ પોતાનો અનુબંધ નાગરિકશાસ્ત્ર સાથે જોડે છે. આમ, ભૂગોળ પ્રાકૃતિક તેમજ સામાજિક વિજ્ઞાનો સાથે પોતાનો સંબંધ પ્રસ્થાપિત કરે છે.